# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

2021

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૧૦

~~માર્ચ~~

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં અભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. જીવનમાં જાણતા-અજાણતાં થઇ ગયેલા...................... ની નિંદા કરે.
૨. મહાઆરંભ અને પરિગ્રહોમાં ડૂબેલો અને........................ માણસ નારકીનું આયુષ્ય બાંધે છે.
૩. જે તિથિ-પર્વ આદિ જોઇને ભોજન માટે આવે તેને.................. કહેવાય.
૪. તે કારણથી સર્વથા............................થઇને ધર્મ વૈરાગ્ય ભાવનાથી ભાવિત થઇને નિદ્રા કરવી.
૫. ...................... જન્મ મરણ રહિત આત્માની મુક્તાવસ્થા માનવા જ તેઓ તૈયાર ન હોતા.
૬. આપણે જે જંબુદ્વીપમાં રહીએ છીએ એમાં પણ અનેકાનેક શાશ્વત-અશાશ્વત............... રહેલા છે.
૭. અણશણ લીધાંથી થતાં સન્માન, સત્કાર દેખીને ઘણાકાળ પર્યંત જીવવાની અભિલાષા વાંછા કરવી તે ................ અતિચાર છે.
૮. જે મોક્ષાર્થી હોય તેણે અગ્નિહોત્ર ત્યજીને મોક્ષ આપાવનારા અનુષ્ઠાનોમાં જ ઓતપ્રોત બની મોક્ષ સાધવો જોઇએ.
૯. પરનિંદા, અહંકાર, પ્રમાદિ, પંચપરમેષ્ઠીની આશાતના અવજ્ઞા કરનાર જીવ.................... બાંધે છે.
૧૦. ...................... સાધનાની કેડીએ આ નિદ્રાને ઘટાડવા અને સુધારવા સતત પ્રયત્નશીલ હોય છે.
૧૧. માયાને સરળતાથી અને લોભને સંતોષથી જીતવો તે.................... છે.
૧૨. જો તમે ...................... ને અથવા જગતમાં સારી રીતે વિસ્તાર પામેલી કિર્તીને ઇચ્છતા હો તો ત્રણ લોકનો ઉધ્ધાર કરનારા જીનવચનમાં શ્રદ્ધા કરો.
૧૩. શિખરી અને ચુલ્લ હિમવંત પર્વત સો યોજન ઊંચા છે અને.................... છે.
૧૪. ધર્મમાં અસ્થિર આચરણવાળો જીવ...................... કર્મ બાંધે છે.
૧૫. અતિચાર ન લાગે અને વ્રત શુદ્ધ બને એ.................. નો સુચક છે.
૧૬. ઉત્તમ શરીર ધરાવતા તેઓ શ્રી.................આત્મા હતા.
૧૭. .......................એટલે દેવગુરૂનો ઘાત કરવાથી, હત્યા કરવાથી, માર મારવી.
૧૮. જે પુરૂષ અજિતનાથ તથા શાંતિનાથ સ્તવનને બન્ને કાળે ભણે અને સાંભળે તેને રોગ જો પહેલા થયેલા હોય તો પણ નાશ પામે છે.
૧૯. અંતિમ ક્ષણને સાધવી પડશે........................ નો પણઅંતે સ્વીકાર કરવો પડશે.
૨૦. અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ સરાગ સંયમી જીવો દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેના રાગના કારણે........ બાંધે છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. વીર પ્રભુના સૌથી નાની ઉમરના યુવાન ગણધર કોણ હતા ?
૨. ગુરૂને ઓળવવાથી, ગુરૂનું નામ છુપાવવાથી બીજાને ગુરૂ કહેવાને શું કહેવાય ?
૩. હું ધર્મના પ્રભાવથી પરભવે ઇન્દ્ર અથવા ચક્રવર્તી થાઉં એવી અભિલાષાને મનનો વ્યાપાર કરવો તે કયો અતિચાર છે ?
૪. જ્યાં નજર પડે ત્યાંથી ગુણોને ગ્રહણ કરે એને શું કહેવાય ?
૫. શેનાનિવારણ માટે અજિત-શાંતિ સ્તવ અવશ્ય ભણવો જોઇએ ?
૬. જ્યાં કાળ પ્રવર્તમાન હોય તે ક્ષેત્રને શું કહેવાય ?
૭. શ્રાવક ભુખ્યો રહેશે એવા ભયથી સાધુ કાંઇક વહોરી ચાલ્યાજાય તે કયો અતિચાર જાણવો ?
૮. જે વિધિપૂર્વક શયન કરે છે એને કઇ ગતિ પ્રાપ્ત થાય છે ?
૯. ગુઢ હૃદયવાળો, શઠ શલ્યવાળો જીવ કઇ ગતિનું આયુષ્ય બાંધે છે ?
૧૦. તે જ ભવે મોક્ષમાં જનારાને શું કહેવાય છે ?
૧૧. આપણી કાયા કઇ વર્ગણાથી બનેલી છે ?
૧૨. અતિથિ સંવિભાગ વ્રતમાં જો સાધુ-સાધ્વી ભગવંતનો યોગ ન હોય તો કોને ભોજન કરાવવું જોઇએ ?
૧૩. સર્વજ્ઞોના વચનમાં શું નહીં કરવું જોઇએ ?
૧૪. ગમે તેવી કસોટીમાં ધર્મમાં સ્થિર રહે તે કોણ ?
૧૫. નીલવંત પર્વત કેવો છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) મંદર ૨) અનન્તર ૩) પન્નત્તં ૪) મયરહિઓ ૫) નિદ્દતં ૬) કણયમયા ૭) વિગ્ઘેણં ૮) તુણ ૯) સકોસે ૧૦) પઓસ
૧૧) પ્રેતવને ૧૨) વિવજ્જયઓ ૧૩) પુણભવાણં ૧૪) પમાઓ ૧૫) ઉચ્ચિટ્ઠો ૧૬) વયણસ્સ ૧૭) મૂલ ૧૮) વિવાગો
૧૯) સત્વાનાં ૨૦) પ્રાકૂ

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફકત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) પ્રત્યનીક | ૧) ચંદન | ૬) માયા | ૬) તપનીય |
| ૨) પરમબ્રહ્મ | ૨) સાગારી અણસણ | ૭) સુગંધિત ચૂર્ણ | ૭) સત્યજ્ઞાન |
| ૩) દક્ષિણ | ૩) ઢાંકવું | ૮) દુષ્કૃત્ય નિંદા | ૮) ધનલાભ |
| ૪) ઉપધિ | ૪) દર્શન મોહનીય | ૯) પિધાનં | ૯) લક્ષ્મણા સાધ્વી |
| ૫) અઢીદ્વીપ | ૫) સામગ્રી | ૧૦) નિષધ | ૧૦) મનુષ્યક્ષેત્ર |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. વીરપ્રભુએ કેટલા બ્રાહ્મણોને દિક્ષા આપી ?
૨. દર્શનાવરણીય કર્મ બંધના કેટલા વિશેષ હેતુ બતાવ્યા છે ?
૩. પરવ્યપદેશ નામનો અતિચાર કયા નંબરનો અતિચાર છે ?
૪. શ્રી હરિભદ્રસુરિએ કેટલા વ્દારો વ્દારા આપણને જંબુદ્વીપનો પરિચય કરાવ્યો છે ?
૫. નામકર્મની કુલ કેટલી પ્રકૃતિઓ જણાવી છે ?
૬. શ્રી પ્રભાસસ્વામી કેટલી ઉંમરે મોક્ષ સિધાવ્યા ?
૭. આઠ મુખ્ય કર્મોના ઉત્તરભેદ કેટલા છે ?
૮. હિમવંતની ચાર નદિઓ મૂળથી કેટલા યોજનની છે ?
૯. ધર્મદેશના કર્યા પછી કેટલી મિનિટ બાદ શ્રાવકે વિધિપૂર્વક ઉંઘ લેવી જોઈએ ?
૧૦. શ્રી પ્રભાસ સ્વામી કેટલા વર્ષ છદ્મસ્થ અવસ્થામાં રહયા ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( × ) તે જણાવો** ૧૦

૧. આપણે નિંદ્રા વધારીને જીવનની કાર્યશીલ પળોને વધારીએ.
૨. મન,વચન, કાયાના યોગ ને શુભ પ્રવૃત્તિમાંથી દૂર કરી અશુભ પ્રવૃત્તિમાં જોડવા તે યોગ છે.
૩. તેમનું કીર્તન કરતા પુરૂષનાં સર્વ પાપ શમી જાય છે અને પુણ્ય વધે છે.
૪. તે સંવિભાગીત અન્નનું યતિને દાન આપવું તેને અતિથિ સંવિભાગ કહેવાય છે.
૫. પ્રભુએ પ્રભાસ ગણધરને મુખ્ય રાખી ગચ્છ માટેની અનુજ્ઞા આપી.
૬. અંતિમ સમયે સર્વ આસકિત રહિત બની સંપૂર્ણ સમાધિ જાળવી રાખવી.
૭. સમય પર નિંદ્રા લેવાવાળો સુખ અને આયુષ્ય બન્ને નો હ્રાસ કરે છે.
૮. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહાદિમાં આસકત જીવ અંતરાય કર્મ ઉપાર્જન કરે છે.
૯. સમય ક્ષેત્ર માં જ મનુષ્યના જન્મ-મરણ થાય છે.
૧૦. પશ્ચિમમાં માથું કરવાથી હાનિ કે મૃત્યુ થાય છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. જે કોઈ સ્વર્ગનો જ અર્થી હોય તેણે જીવન પર્યંત અગ્નિહોત્ર કરવું.
૨. સુકૃતની અનુમોદના કરવાથી પુણ્યમાં વૃદ્ધિ થાય છે.
૩. આહાર વહોરવવામાં પણ શુદ્ધિજાળવવી અને ભાવ વિશુદ્ધિ રાખવી અત્યંત અનિવાર્ય છે.
૪. ઉંઘ અને આળસ વધાર્યા વધે અને ઘટાવ્યા ઘટે.
૫. શ્રી જિનેશ્વર ભગવાનની પુજા કરવાથી ઉપસર્ગ ક્ષય પામી જાય છે.
૬. બીજાનું હિત કરવાની ભાવનાથી દાનની રૂચિવાળો થાય.
૭. આપણા પ્રતિક્રમણને વધુ ને વધુ શુદ્ધ બનાવવા જાગૃત બનવાનું છે.
૮. કાળ મુજબ એમાં ફેરફાર થયા કરે છે.
૯. અહંકાર રહિત હોય તે નમ્રતા-વિનયગુણવાળો હોય છે.
૧૦. આટલી નાની ઉંમરે તેઓ શાસ્ત્રાર્થ સભાઓમાં ચર્ચા કરવા જતા હતા.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. દર્શન મોહનીય કર્મ કયા કારણોથી બંધાય છે ? ૨) અતિથિ સંવિભાગ વ્રત શી રીતે કરાય ?
૩. શ્રી પ્રભાસ સ્વામીની શંકાનું સમાધાન પ્રભુએ શી રીતે કર્યુ ?
૪. નિંદ્રાધીન થવાથી પહેલા શ્રાવકના કર્તવ્યો કયા ? તે શા માટે કરવા જોઈએ ?
૫. સંલેષણાના અતિચાર કયા ? કોઈ પણ બે જણાવો.

**જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com